

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ભેંસ, ભાગોળે આવી નથી ને વલોણાં ધમધમે -
મંજૂરી મળી નથી ને, આડઅસરો સમસમે -
થનગને વ્યવસ્થાપન વ્યથામાં માદલા ઘોડા -
'રસી'ના ભાવ, ડોઝ, કોને, નથી કોઈ - ગતાગમે...
(રડતા 'રામ'ને આપો હથેળીમાં ચાંદ!)

હાઈકુ

'રસી'માં રસ
ઉત્પાદનમાં વ્યસ્ત -
દેખાય કસ!!
(મોટી વ્યાપારી કંપનીઓ)

દાબે છે પીડા -
આંધણ ના અવાજે -
ઉકળે 'રસી...'
(આયો રામ - આયો રામ?)

### ચિંતન

*લુબ્ધાનાં યાચકઃ શત્રુર્મુખાણાં બોધકઃ રિપુઃ ।*
*જારસ્રીણાં પતિઃ શત્રુશ્ચોરાણાં ચન્દ્રમા રિપુઃ ॥*

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

લોભી મનુષ્યના શત્રુ ભિખારી અથવા માંગવાળા હોય છો. મુર્ખોના શત્રુ તેમને જ્ઞાન આપવા વાળા અને સારો ઉપદેશ દેવાવાળા હોય છે. વ્યભિચારીણી સ્ત્રીઓના શત્રુ તેમના પતિ હોય છે, ચોરોના શત્રુ ચંદ્રમા હોય છે.

લોભી વ્યક્તિ તેમને પોતાનાં શત્રુ માને છે જે તેમના પાસે કંઈ માંગે છે. મૂર્ખ વ્યક્તિની વિશેષતા હોય છે કે તે સારી વાતને નથી માનતો. વ્યભિચારિણી સ્ત્રી પતિને શત્રુ માને છે. ચોર ચંદ્રને શત્રુ માને છે કેમ કે તે તેના કાર્યમાં અડચણ નાખે છે. કારણ કે ચોર ને ચોરી અંધારામાં કરવાની હોય છે.

### સુવિચાર

- કાયા છે માટી તણી, ઘડીયે તેમ ઘડાય... કંચન એ અત્યારે બને, એની જેમ કસોટી થાય - **એસ. ભટ્ટાચાર્ય**
- દોડતા હતા ત્યારે લાગતું હતું કે મારા જેવું કોઈ સમર્થ નથી, જરાક પાછું વળીને જોતાં લાગ્યું કે આટલું દોડ્યાનો કોઈ અર્થ નથી - **જીવનપાથેય**
- વેર વાળવાનું ન હોય, પણ વેરને વળાવવાનું હોય - **સંત રોબિન**
- છપ્પર ફાડીને મળી જવાનું હોય છતાં જે છાપરાના સમારકામના ખર્ચની ચિંતા કરે એ જ ખરો નિરાશાવાદી - **જનકલ્યાણ**
- તક તો દરેકને સાવ મફતમાં જ મળે છે, જો આપણે ચૂકી જઈએ તો જ મોંઘી પડે છે - **બોધિવૃક્ષ**
- હમારા મકસદ બુરે વ્યક્તિ કો અચ્છા બનાના હો, ના કિ બુરે કે સાથ બુરા બનના - **પ્રતાપ ગોસ્વામી**
- આજનું ઔષધ : મેંદીના પાન ઠંડા પાણીમાં પીસી તેમાં ચમચી સાકર મેળવી, પીવાથી પેશાબની બળતરા મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જાપાનમાં એક અમેરિકન કંપનીએ મિલની સ્થાપના કરી. આ મિલમાં મેનેજર સર જેમ્સને મળવા જાપાની કામદારો એક ફરિયાદ લઈને આવ્યા! અને કહ્યું, 'અમે અમેરિકન સિસ્ટમ મુજબ કામ કરી શકીએ તેમ નથી.' સર જેમ્સે પૂછ્યું, 'કેમ?' કામદારોનો જવાબ, 'એટલા માટે કે તમે અઠવાડિયામાં બે રજાઓ રાખી છે.' સર જેમ્સે કહ્યું, 'તો તમને એક સપ્તાહમાં ત્રણ રજાઓ જોઈએ છે? અમારા અમેરિકામાં સપ્તાહના અંતે શનિ-રવિ એમ બે જ રજાઓ હોય છે.' કામદારોએ કહ્યું, 'અમારા જાપાનમાં ક્યાંક સપ્તાહમાં બે રજા હોતી નથી. અમને ફક્ત અઠવાડિયાની એક જ રજા મંજૂર છે.' સર જેમ્સે દલીલ કરતાં કહ્યું, 'પણ બે દિવસની રજા અપાય તેમાં તમને વાંધો શું છે? એમાં ક્યાં કંઈ તમારે ગુમાવવાનું છે. તમને આરામ વધુ મળે. તમારી આવી વિચિત્ર માંગણી મને સમજણમાં નથી આવતી.' જાપાની કામદારોએ કહ્યું 'બે દિવસની રજા રાખવમાં અમે લોકો આળસુ બની જઈશું. માણસ રજાના દિવસોમાં બીજા દિવસો કરતાં વધુ મોજમજા કરવા પ્રેરાય છે. આમ થવાથી ખર્ચ બોજ વધી જાય છે. જે રજા અમારી શ્રમશક્તિ ઘટાડે, અમારા આર્થિક બોજમાં વધારો કરે તે રજા અમને ન જોઈએ.' જાપાની લોકોની આવી શ્રમભાવના જોઈને સર જેમ્સ તો સ્તબ્ધ જ બની ગયો.

# માનવીય મજબૂરીનો લાભ ઉઠાવવો એ તો નરી ક્રૂરતા

**તંત્રીસ્થાનેથી...**

ખાનગી હોસ્પિટલમાં સારવાર લેતા સાધનસંપન્ન લોકો કોવિડ-૧૯ જેવી જીવલેણ બિમારીમાંથી બચવા હોસ્પિટલ જે બિલ રજૂ કરે તે ભરી દેતા હોય છે. હોસ્પિટલો પણ કોર્પોરેટ ધોરણે ચાલતી હોઈ તગડાં બિલ વસૂલવામાં કોઈ કસર કરતી નથી. આવી હોસ્પિટલો દ્વારા વસૂલાતી રકમ વિશે ઓછી આવક ધરાવતા જનસમુદાયને જાણ થાય ત્યારે અજાણતાં જ એવા દરદીના મોંમાંથી હાયકારો વછૂટે છે. એ સ્વજનોને જણાવી દે છે કે ભલે સાજા થવાય કે ન થવાય પણ કસાઈની જેમ ચીરી નાખતી એવી કોઈ નામાંકિત હોસ્પિટલમાં મને દાખલ ન કરતા. હું તો મરીશ, સાથે આખા કુટુંબને દેવાદાર બનાવતો જઈશ. સ્વાભાવિક રીતે નીચલા મધ્યમ વર્ગના અને ગરીબ સમુદાયના કોવિડ દરદી સરકારી હોસ્પિટલોમાં જ સારવાર લેવાનું પસંદ કરે છે. વળી સરકારી હોસ્પિટલોની સુવિધાઓ અને સારવારનાં ધોરણો વિશે એટલું બધું જગજાહેર છે કે વધુ કશી ટીકા-ટિપ્પણ કરવાનો અર્થ નથી. કોવિડ-૧૯ સામે રક્ષણાત્મક સાધન-પ્રસાધન ખરીદવામાં તંત્ર કેવી કળા કરે છે એના અહેવાલ પણ અવારનવાર ઈન્વેસ્ટિગેટિવ મીડિયા જાહેર કરતું રહે છે. જોકે નક્કર પુરાવા વગર અને બ્લેકમેલ વૃત્તિના આક્ષેપ સાથે આવી તમામ બાબતો નજર અંદાજ થતી રહે છે. માનવીય મજબૂરીનો ગેરલાભ ઉઠાવી કફન અને કૉફીનમાં પણ ભ્રષ્ટાચાર કરવાની આ પ્રથા નવી નથી. માણસ નામના ફળદ્રુપ ભેજાવાળાં પ્રાણીમાં દેવ પણ વસે છે અને દાનવ પણ - ક્યારે પેલો દાનવ એના દૈવી અને માનવી સ્વરુપ પર હાવી થઈ જશે એ કલ્પવું અઘરું છે. બની શકે કે બધા અધિકારી કે બધા ડૉક્ટરો એવી હીન કક્ષાએ ઊતરીને પોતાની જ નજરમાં નીચા ઊતરી જવાનું પસંદ ન કરે. પણ એક જ સડેલી કેરી ટોપલીની બધી કેરીઓને ડાઘ લગાડે છે અને પછી આખી ટોપલી વગોવાઈ જાય છે. આવું જ હમણાં અમદાવાદની અતિપ્રતિષ્ઠિત સીમ્સ હોસ્પિટલનાં બિલો પાસ કરવા અંગે અમદાવાદના મ્યુનિસિપલ કોર્પોરેશનના જવાબદાર તબીબી અધિકારીઓએ કરેલ ટકાવારીની માગણી સંદર્ભે બનવા પામ્યું છે. કરોડોનું બિલ પાસ કરવા લાખોની લાંચ લેવાતી હશે - એવી છાપ પડ્યા વગર રહેતી નથી. સરકારે અને પ્રજાજનોએ આ મુદ્દે તત્કાળ તપાસ માંડી પોતાની વણસી રહેલી ઈમેજને ઊજળી રાખવા પ્રયાસ કરવો જ રહ્યો. આખરે તો સરકાર પ્રજાજનોના પ્રતિનિધિઓની જ બનેલી હોય છે અને અધિકારીઓ પણ ઉપરથી નથી ટપકતા. એ પણ પ્રજાજનોનાં જ ફરજંદ હોય છે, કોવિડ-૧૯ જેવી વૈશ્વિક મહામારીએ જ્યારે રેંકડીવાળાથી લઈ ઉદ્યોગપતિઓના અને તમામ દેશોના અર્થકારણને મૂઢ માર મારી મરણતોલ હાલતમાં મૂકી દીધું છે ત્યારે માનવીય સદ્‌ગુણોની સુવાસ મહેંકવી જોઈએ, એને ઠેકાણે આવા કિસ્સા બનવા લાગ્યા છે. અલબત્ત, આવું પહેલી વાર નથી બન્યું. કચ્છની ભીષણ હોનારત વખતે પણ આવો જ માહોલ રચાયો હતો અને એનો ભોગ ભલાભોળા નખશિખ મંગલમૂર્તિ તત્કાલીન મુખ્યમંત્રી બન્યા હતા. આપણે એક એવી સમસ્યાના જાળામાં ફસાયા છીએ જ્યાંથી હેમખેમ ઉગરવાની તારીખ નક્કી નથી. તેવા સમયે હીન મનોવૃત્તિ પર અંકુશ મેળવવા દરેક વ્યક્તિએ નાગરિક ધર્મ અને માનવ ધર્મની રૂએ જાત તપાસ માંડવી જ રહી. સૌથી મોટી અસ્કામત છે માનવીની જિંદગી. એની સાથે કરેલી ગદ્દારી ઈશ્વર ક્યારેય માફ નહીં કરે.

# હે જી તારા આંગણીયા પૂછીને જો કોઈ આવે રે, આવકારો મીઠો આપજો...



**અજવાળું - અજવાળું**
**તુષાર જોશી**

'આ ફાર્મના માલિક કોણ છે?' હિમાંશુએ સીધું જ ફાર્મમાં ઊભેલા એક માણસને પૂછી લીધું. એ ભાઈએ સામો પ્રશ્ન કર્યો કે 'તમારે કામ શું છે એ કહોને....'

આ સંવાદ પછી જે હકારાત્મકતા અનુભવવા મળી એ આજના વર્તમાન સમયમાં - કોરોના કાળમાં જીવને બત્રીસ કોઠે ટાઢક કરે એવી છે.

હિમાંશુ - જસ્મીન અને મારું ફેમીલી બે મહિના પહેલા પર્સનલ કાર લઈને મહેમદાવાદ પાસેના સિદ્ધિ વિનાયકના મંદિરે દર્શન કરવા ગયા હતા. બપોરે ચારેક વાગે ચા-નાસ્તો કરીને નીકળ્યા... પાંચેક વાગે ત્યાં પહોંચ્યા, બહુ ભીડ ન હતી, ભાવપૂર્વક દર્શન કર્યા, ત્યાં બેસવાનો કે ફરવાનો તો પ્રશ્ન ન હતો એટલે તુરંત ત્યાંથી પરત અમદાવાદ જવા નીકળ્યા... કુલ ત્રણ કાર આગળ પાછળ હતી.

ઘરેથી નીકળ્યા ત્યારે આપણી ગુજરાતી પરંપરા મુજબ ઢેબરા ને સુકી ભાજી - અથાણા - પાત્રા ને એવો ભોજનનો સામાન તથા - થર્મોસમાં ચા ને પાણી સાથે લઈને નીકળ્યા હતા. પીકનીક જઈએ ત્યારે સાથે રાખવાના પાથરણા ને ડીશો ને બધો સામાન લીધો જ હતો.... ગુજરાતીઓની આ તો ખાસિયત છે, વિચાર એવો કર્યો હતો કે રસ્તામાં કોઈ મંદિરના ઓટલે, ખુલ્લી જગ્યામાં જમી લઈશું... આવી જગ્યા ના મળે તો ઘરે જઈને જમીશું...

એવામાં અડધા રસ્તે અચાનક હિમાંશુનું ધ્યાન એની ડાબી સાઈડના એક મોટા ગેઈટ પર પડ્યું... એને થયું કે જગ્યા વિશાળ લાગે છે... ગાડી રોકી, પ્રાઈવેટ ફાર્મ હતું... કામ ચાલી રહ્યું હતું... એક વડીલ અંદર ઊભા હતા... હિમાંશુએ એમને નમસ્તે કરીને સંધ્યા ટાણે સીધો જ લેખના આરંભે લખેલો પ્રશ્ન પૂછ્યો ને એટલી જ સહજતાથી પેલા ભાઈએ પણ સામો પ્રશ્ન કર્યો.

હિમાંશુએ પોતાની ઓળખ આપી અને આવી રીતે અમદાવાદથી દર્શને ગયા હતા... હવે ક્યાંક અમારી સાથે લાવેલું ભોજન પ્રાકૃતિક વાતાવરણમાં કરવું છે એમાં ધ્યાન પડ્યું આ તમારા ફાર્મ પર... અને કહ્યું કે તમે જો રજા આપો તો માત્ર ને માત્ર તમારી આ ખુલ્લી જમીનનો ઉપયોગ કરવો છે અને અહીં જમીને વિદાય થવું છે... ત્રણ ગાડી છે... પેલા ભાઈ, અત્યંત લાગણી સાથે બોલ્યા કે 'લ્યો આટલી નાની વાત એમાં પૂછવાનું શું? આ જગ્યા તમારી જ છે એમ માનીને બધાને બોલાવી લો - ત્રણ નહિ ત્રીસ ગાડીના લોકો સમાય એટલી જગ્યા છે...' હિમાંશુએ કહ્યું કે આ કોરોનાકાળમાં સાવ અજાણ્યાને તમે આમ આવકારો આપો છો એ વાત જ દુનિયામાં હજી માણસાઈથી ભર્યા ભર્યા માણસો શ્વસે છે એની પ્રતીતિ કરાવે છે...'

એમનું આ નામ સુરેશકુમાર કરશનભાઈ પટેલ, મૂળ વતન ચાણસ્મા. પછીની વાત થઈ કે તેઓ જ ફાર્મના માલિક છે. સુખી-સંપન્ન અને શિક્ષિત પરિવાર. બાળકો પણ ખુબ સારું ભણ્યા ને સેટલ થયા છે. સામાજિક રીતે સક્રિય એવા સુરેશભાઈને થયું કે પ્રકૃતિની સાથે રહેવાનો આનંદ અનેરો છે એટલે ઈશ્વર કૃપાથી આ ફાર્મ ડેવલપ કરી રહ્યા હતા.

અમારા માટે તેઓએ લાઈટની - ખુરશીઓની તમામ વ્યવસ્થા અનહદ પ્રેમથી કરાવી. અમે જયારે જગ્યાને પૂર્ણપણે સ્વચ્છ કરીને નીકળ્યા ત્યારે તેઓએ કહ્યું કે, '૨૦૨૧માં ફાર્મ પૂરેપૂરું તૈયાર થઈ ગયું હશે... જયારે તમને મન થાય ત્યારે અહીં ફરી આવજો અમને ગમશે.'

અમે સહુએ એમનો અને એમના પરિવારનો અત્યંત લાગણી સાથે આભાર માન્યો અને સાવ અજાણ્યા ૧૪-૧૫ લોકોને આવો આવકારો આપ્યો એ મારે ફરી આભાર માન્યો અને એમનામાં ધબકતા માણસાઈના આતિથ્યના સદ્‌ગુણોને વંદન કર્યા.

કવિ દુલાભાયા કાગ, જેમને આખીયે દુનિયા કાગ બાપુના નામે ઓળખે છે, એમને લખ્યું છે 'હે જી તારા આંગણીયા પૂછીને જો કોઈ આવે રે, આવકારો મીઠો આપજો... વર્ષથી ગવાતું આ પદ જયારે કોઈ યજમાન સાવ અજાણ્યાને પણ મીઠો આવકારો આપે ત્યારે સાર્થક થતું અનુભવાય છે.'

વર્તમાનકાળમાં કોઈના પર ભરોસો મુકવો એ અઘરી વાત છે, અને આવી અઘરી વાતને સાવ સાહજિકતાથી જયારે કોઈ પોતાના જીવનમાં આચરણમાં મુકે છે ત્યારે એ ધન્યવાદને પાત્ર બને છે.

આપણું હૃદય શુદ્ધ હોય - સ્વાર્થ ન હોય, તો સામેથી આવો પ્રતિભાવ મળી રહે છે એવા ઘણા અનુભવો વાચકોને પણ થયા જ હશે. આતિથ્યના અને માણસાઈના આવા દીવડા જયારે જયારે નાની નાની ઘટનાઓમાં પ્રગટે ત્યારે અજવાળા રેલાય છે.

# તવ ખોળલે ખેલવા ને ગેલવા ફેર આવીશ - જયન્ત મેઘાણી



**વિચારયાત્રા**
**ડો. જય ઓઝા**

શિલાઈદહ, ૫.૮.૧૮૯૪

આખી રાત સાંબેલાધારે વરસેલો વરસાદ આજે સવારે હું જાગ્યો ત્યારે પણ વડખંભા ચાલતો હતો. નાવણિયામાંથી હમણાં જ બહાર આવ્યો અને જોયું તો અસ્તાચળની દિશામાં ડાંગરના ખેતરો ઉપર ઘટાટોપ કાળા વાદળ ઝઝૂમતા હતા. દક્ષિણ-પૂર્વમાં વાદળ કંઈક વિખરાયાં હતાં તેની આરપારથી સુરજનારાયણે ડોકિયું કર્યું ત્યારે લાગ્યું કે રવિ અને મેઘ વચ્ચે કામચલાઉ સુલેહ થઈ લાગે છે. પદ્મા નદીને પેલે પાર શીર્ણ વાદળાં વચ્ચેથી પ્રભાતી પ્રકાશનું એક અનુપમ દશ્ય સર્જાતું હતું : એક દિવ્ય સદ્યસ્નાતા આકૃતિ જળના ગુપ્ત ગર્ભમાંથી શીશ ઊંચકતી હતી, અને નદીના સામા ઓવારે શ્યામ વાદળપુંજમાંથી કેશવાળી ફરફરાવતા વનરાજ સરીખી કોઈ હસ્તી પ્રગટ થતી હતી.



ઉપરનું લખાણ કવિવર રવીન્દ્રનાથ ઠાકુરે તેમની ભત્રીજી ઈન્દિરાને લખેલા પત્રમાંથી લીધું છે. પ્રસ્તુત પત્ર શિરમોર ગણાય એવા સમૃદ્ધ પત્ર-સંગ્રહ 'સિલેક્ટેડ લેટર્સ ઓફ રવીન્દ્રનાથ ટાગોર' કૃષ્ણાદત્ત અને એન્ડ્રૂ રોબિન્સન નામના રવીન્દ્ર સંશોધકોએ આપ્યા છે. તે પુસ્તક પરથી તે પત્રોનો આપણી માટે ગુજરાતીમાં અનુવાદ રૂપે 'રવીન્દ્ર પત્રમધુ' રવીન્દ્રનાથના પત્રોના નામે સંપાદન અને અનુવાદ કરતા શ્રી જયન્ત મેઘાણીનાં પુસ્તકમાંથી લીધો છે. આશરે ૨૭૦ પૃષ્ઠમાંથી આ તો એકમાત્ર ફકરો છે અહીં મૂક્યો છે. પત્રમાં જે શબ્દો છે તેની સમૃદ્ધિ વાચક તરત જ અનુભવે છે. આજે જ્યારે તરજૂમિયા અનુવાદકોની ભરમાર આપણે જોઈ રહ્યા છીએ ત્યારે મેઘાણી પરિવારની નોખી-અનોખી છાપ પાડતા સ્વર્ગવાસી જયન્ત મેઘાણી દ્વારા ભાવાનુવાદિત આ સંપાદનમાં તેમાં તેમણે પ્રયોજેલા દેશી તળપદા શબ્દોની સાથે-સાથે ભાષાનું માધુર્ય વધારતાં અલંકૃત શબ્દોનો પણ સમાવેશ થાય છે.

અનુવાદ કલા સૌને સુલભ નથી હોતી. સારા અનુવાદકો ગુજરાતી સાહિત્યમાં ઘણા હશે માન્યું પરંતુ ઉમદા અનુવાદકની સાથે ઉમદા વ્યક્તિત્વ અને જે-તે પ્રદેશની જડ સુધીના રૂઢ શબ્દોનું ચયન કરીને કૃતિનો આસ્વાદ કરાવવો, એ કપરું કાર્ય છે અને શ્રી જયન્તભાઈએ આ કાર્ય સુપેરે પાર પાડ્યું છે. અનુવાદ કરવાનો હોય ત્યારે લેખકના માનસપટ પર જે આકૃતિ હોય તેને જ અનુવાદકે કાગળ પર ઉતારવાની હોય, તે જ અદ્દલ આકૃતિને રજૂ કરવાની આવડત કેળવવી એ કંઈ નાનીસૂની વાત નથી. શ્રી જયન્ત મેઘાણી શ્રી ઝવેરચંદ મેઘાણી પુત્ર અને મહેન્દ્ર મેઘાણીના નાનાભાઈ હોવાની સાથે-સાથે પોતાની આગવી અને વિશિષ્ટ ઓળખ ધરાવતા હતા.

તેમના પ્રત્યક્ષ પરિચયનો અવસર ન સાંપડ્યો.. પરંતુ તેમના એક સમયના શિષ્ય, અત્યારે શામળદાસ કૉલેજના ગ્રંથપાલ અને મારા માસા એવા શ્રી ભાર્ગવભાઈ જાનીના મુખે વારંવાર તેમની સાહિત્યપ્રીતિની તથા સાહિત્યમાં અમૂલખ યોગદાનની વાત સાંભળવા મળે.

ભાવનગર જઈએ એટલે લોકમિલાપમાં ગોપાલભાઈ અને બુકપ્રથામાં નીરજભાઈને ત્યાં ધામા હોય જ.મેઘાણી પરિવાર ઉપર ઈશ્વરની એવી બક્ષિસ છે કે પરિવાર આખો સાહિત્ય વ્યાસંગી, સાહિત્યકાર, સાહિત્યને પોખનારો પરિવાર.

ઝવેરચંદ મેઘાણીથી આપણે ઓળખ અને ગૌરવ મેળવીએ છીએ. એક મેઘાણી પોતાના કર્તૃત્વથી રીતસર આપણને ઘેલા કરે તો મહેન્દ્ર મેઘાણી પોતાના સંપાદન, પ્રકાશન અને લોકભોગ્ય ઢબે પુસ્તક રચનામાં એવા કીર્તિમાન રચે કે લોકમિલાપ તો ઘરેઘરે પહોંચ્યું. જયન્તભાઈએ 'પ્રસાર'ની ધુરા સંભાળી. 'પ્રસાર' એ માત્ર પુસ્તક-પ્રકાશન કે વિક્રણ કરતું સ્થાન ન હતું, પ્રસાર તો ગમતાનો ગુલાલ કરવાનું અને ગુજરાતની જનતાને શિષ્ટ સાહિત્ય સાથે પરિચય કરાવનારું માધ્યમ હતું. તેમાંય, અનુવાદકલા તો આ પરિવારની જાણે ઈજારાશાહી. શ્રી જયંતભાઈ મેઘાણી સપ્તપર્ણી, તણખલાં, રવીન્દ્રસાન્નિધ્યે અને રવીન્દ્ર-પત્રમધુ આ પુસ્તકો ગૂર્જર દ્વારા પ્રકાશિત થયા..રવીન્દ્રનાથના અદભૂત, અવિસ્મરણીય પરંતુ ક્લિષ્ટ અંગ્રેજી પત્રોનો અમીરસ સ્વ. જયંતભાઈએ જે રીતે આપણને સુલભ કરી આપ્યો છે તે ચિરસ્મરણીય રહેશે.

પત્રો વાંચતી વખતે રીતસર બંગાળની, શાંતિનિકેતની, કલકત્તાની સોડમ આવે.

ટાગોરના વિચારો પરના એમના ચાર અનુવાદિત પુસ્તકો સાનિધ્ય, તણખલા, અનુકૃતિ, સપ્તપર્ણી . આમાંનું એક પુસ્તક એટલે 'તણખલા'. ટાગોરના વિચાર મોતીઓનો એમણે ભાવનુવાદ કર્યો હતો. ટાગોરે તેમના બે-પાંચ-આઠ પંક્તિના તેમના લઘુ કાવ્યો ને 'કબિતિકા' કહી છે. આવી જ કેટલીક પંક્તિઓનો ભાવાનુવાદ આપણે માણીએ.

Put out the lamp when thou wisest.
I shall know thy darkness and shall love it.
તારે દિપક બુઝાવી દેવો હોય તો ભલે,
હું તો તારા તિમિરને પામીશ , ચાહીશ.
I shall die again and again to know that life is inexhaustible
જીવન અણખૂટ છે એ સત્ય પામવા માટે હું વારંવાર મૃત્યુ વાંછિશ.

Migratory songs wings from my heart and seek their, nests in your voice of love.
મારા હૃદયનાં યાયાવર ગીત ઉડીઉડીને
તારા સ્નેહ-કંઠમાં શરણ શોધે છે.

This. the last hope
Of my weary pen :
That its words will slip
Into the silent ocean
Of meditation.

મારી લથડેલી લેખણમાંથી સરી પડેલા શબ્દો પરમધ્યાનના મૌન-મહાસાગરમાં સચવાશે - એ મારો અંતિમ આશાતંતુ છે.

કવિની કવિતા, લેખકનાં નિબંધ કે તેની પત્રશૈલીને આબેહૂબ જાણે રવીન્દ્રનાથ આપણી માટે ગુજરાતીમાં પોતાનું સાહિત્ય અનુદીત કરવા આવ્યા હોય તેવો માહોલ શ્રી જયંતભાઈએ ખડો કરી દીધો.જયંતભાઈ મેઘાણી જયંતભાઈ મટીને રવીન્દ્રનાથ બનીને જાણે આપણને તે સમયમાં દોરી જાય છે. શ્રી જયંતભાઈ મેઘાણીના રૂપમાં આપણે આવી અણમોલ જણસ ગુમાવી બેઠા. 'રવીન્દ્ર-પત્રમધુ' પુસ્તકમાં અર્પણપૃષ્ઠની તેમની પંક્તિઓ જાણે અગમવાણીમાં આજની આગાહી આપણને ૨૦૧૮માં કહી ગયા હોય તેમ લાગે છે. અર્પણ પૃષ્ઠની પંક્તિ છે.''બા-બાપુજીને-તવ ખોળલે ખેલવા ને ગેલવા ફેર આવીશ''.

આવા ઉમદા અનુવાદક અને સંપાદકની ખોટ કેમેય કરીને પૂરાવાની નથી તે જાણતો ગુજરાતી વાચક આપના અમિટ કર્તૃત્વને વંદન કરે છે.

- jayuoza@gmail.com, Mo.9898046488

# ડાયરી 'બેસ્ટ ક્રેડિબલ ફ્રેન્ડ' છે...



**આત્મનાદ**
**પુલક ત્રિવેદી**
pulak63@gmail.com

લેખનુ મથાળુ વાંચીને ચોંકી ન જશો. બિલકુલ સાચી વાત છે. જાન્યુઆરી મહિનો દરવાજે ઉભો છે ત્યારે એક મહત્ત્વની વાત ઉપર ધ્યાન આપવા જેવુ છે કે, ડાયરી 'બેસ્ટ ક્રેડિબલ ફ્રેન્ડ' છે... સંવેદનાઓ, લાગણીઓ અને અનુભવો જીવનના અભિન્ન અંગો છે. એની સાથે જીવવાની અને એને કાગળ ઉપર ઉતારી વારંવાર એ ક્ષણોમાં જીવવાની મજા છે. આ સંદર્ભમાં એક મિત્રએ બે ત્રણ દિવસ પહેલાં સરસ મેસેજ મોકલ્યો હતો. 'કલમને નાજુક કમર હોય છે, પકડો જો હૃદયથી, તો એને પણ લાગણીભર્યા શબ્દોની શરમ હોય છે.' આમ જોવા જઈએ તો, ડિસેમ્બર મહિનો એટલે ડાયરીઓનો મહિનો. નેશનલ-મલ્ટી નેશનલ કંપનીઓ અને સરકારી કચેરીઓમાં ડાયરીની બોલબાલા હોય. ડાયરી સાથે પ્રત્યેક વ્યક્તિના હૃદયના તાર જોડાયેલા હોય છે. ડાયરીને નોંધપોથી કે રોજનીશી પણ કહી શકાય. પર્સનલ ડાયરી માટે ગાંધીજી 'રોજનીશી' શબ્દનો પ્રયોગ કરતા. રોજેરોજ બનેલી ઘટનાઓના પોઈન્ટસ રોજનીશીમાં ટપકાવામાં આવે. એમાં લાંબા લાંબા વર્ણનોને સ્થાન નથી.

ડાયરી માટે અંગ્રેજીમાં જર્નલ, ડે-બુક, લોગબુક, ક્રોનિકલ જેવા શબ્દોનો પ્રયોગ પણ થાય છે. વ્યક્તિગત પ્રવૃત્તિઓ, અંગત પ્રતિભાવો, અને સંવેદનાસભર લાગણીઓને પ્રતિદિન શબ્દદેહે અંકિત કરવાની પ્રવૃત્તિ વ્યક્તિના આંતરિક મોજનું કારણ બની જતી હોય છે. વ્યક્તિ જ્યારે રોજનીશી લખે છે ત્યારે તેમાં રોંજીંદા મનોભાવોનો મહાસાગર ઠલવાતો હોય છે. વિચારો અને ઘટનાઓને પાંખો મળે છે. સુખદ કે દુ:ખદ બધી વાત કલમની આંખે અને શબ્દોની પાંખે સવાર થઈને કાગળના સિંહાસને બિરાજે છે. ડાયરી એટલે જાત સાથે સુહાનો સંવાદ. મનના આવેગ, ઉન્માદ, માન, સન્માન, બળાપો કે ઉહાપોહ રોજનીશીના પાને કંડારાઈ જતા તે મજાનો દસ્તાવેજ બની જાય છે.

ડાયરી લેખનનો ઈતિહાસ મધ્ય પૂર્વીય અને પૂર્વ એશિયન સંસ્કૃતિ સાથે સંકળાયેલો છે. બીજી સદીના ઉત્તરાર્ધમાં રોમન સમ્રાટ માર્કસ ઓરેબિયસે ગ્રીક ભાષામાં લખેલી 'ટુ માય સેલ્ફ'ને સૌથી પૌરાણિક ડાયરી તરીકે જોવામાં આવે છે. લોકો 'ટુ માય સેલ્ફ'ને 'મેડિટેશન' તરીકે પણ ઓળખે છે. પશ્ચિમના દેશોમાં ડાયરી લખનારાને 'ડાયરીસ્ટ' કહે છે. ડાયરીસ્ટના લેખનના આધારે માનવ સંસ્કૃતિના ઘણા અણદીઠાં પાસાઓ ખુલ્યા છે. વર્ષ ૧૯૦૮માં સ્મિથસન કંપનીએ ફેધરવેઈટ ડાયરી બનાવી. અને પછી ડાયરીઓ બનાવવાનો ઉપક્રમ ફૂલ્યો ફાલ્યો.



ડાયરી અંગત જીવનનું એવું સુરક્ષિત સંગીત છે કે જ્યાં વ્યક્તિ પોતાના સ્વાનુભવો અને સંવેદનાઓને સ્થાન આપી શકે છે. ડાયરી એક એવું સ્થાન છે જ્યાં વ્યક્તિ તેના વિચારો, લાગણીઓ અને મંતવ્યો વિશે પ્રામાણિક અને નિષ્ઠાવાન બની શકે છે. ડાયરી તેના લેખકની આંખો માટે જ છે, અન્ય કોઈનું એમાં સ્થાન નથી. દૈનિક ઘટનાઓના નિરૂપણ પૂર્વે શું લખવા જઈ રહ્યા છીએ એની ઉપર ચિંતન બાદ જાત સાથે સંવાદ થતો હોય છે. એ સંવાદમાંથી ઊભા થતાં સવાલો અને જવાબો ડાયરીની પરિભાષા સુનિશ્ચિત કરે છે. ઘણા લોકોને રેગ્યુલર ડાયરી લખવાનો શોખ હોય છે. કેટલાક મનમાં આવે ત્યારે નોંધ ટપકાવતા હશે. જ્યારે વ્યક્તિ એક હદથી વધુ ખૂશ હોય ત્યારે કે પછી વધારે પીડા અનુભવે ત્યારે ડાયરીના ખોળે બેસવાનું મુનાસીબ માનતો હોય છે. મનમાં ઉમડતા વિચારોના વંટોળ ડાયરીના પાના ઉપર શાંત થઈ જતા હોય છે.

ગાંધીજીના મતે ડાયરી 'સેલ્ફ એનાલીસીસ' માટે નથી. મનમાં આકાર લેતા મહત્વના આઈડિયાને ટપકાવવા માટે ગાંધીજી ડાયરી નહોતા લખતા. એમણે આ બાબત ક્યારેય ડાયરીમાં નથી લખી. રોજનીશી લખવા પાછળ બીજાને કે પોતાને આકર્ષિત કરવાનો પણ એમનો આશય નહતો. ગાંધીજીની ડાયરી એટલે નખશીખ સત્યનું નિરૂપણ. સંદર્ભ માટે 'ગાંધીજીનો અક્ષરદેહ' ગ્રંથોમાંથી પસાર થવા જેવુ છે. ગાંધી આશ્રમના અંતેવાસી રમણિકભાઈ મોદીને એકવાર બાપૂએ કહ્યું હતું કે, 'સારી રોજનીશી રાખવી એક કળા છે. રોજનીશી રાખનારને તથા આશ્રમવાસીઓને એમાંથી ઘણું પ્રાપ્ત થઈ શકે છે. રોજનીશીમાં થોડા શબ્દોમાં મનુષ્ય પોતાની દિનચર્યા આપી શકે અને પોતે કરેલા કામનું ટૂંકુ વર્ણન કરી શકે.' ગાંધીજીએ જ્યારે અસહકારની ચળવળ આરંભી ત્યારે સૌને રોજનીશી રાખવાનું સૂચન કર્યું હતું. ડાયરી વ્યક્તિનો આયનો છે. એકવાર ડાયરી લખવાની શરૂઆત કર્યા બાદ એને વચ્ચેથી છોડી ન દેવાનો મક્કમ નિર્ધાર રાખવો પડે. ગાંધીજીએ લખ્યું છે કે, 'રોજનીશી રાખવાની ટેવ જ ઘણા દોષોમાંથી આપણને ઉગારી લેશે કેમ કે તે આપણા દોષની સાક્ષીરૂપે રહેશે.'

ડાયરીની વાત નીકળે ત્યારે જર્મનીની 'મેરી એન ફ્રેન્ક' સહજ યાદ આવી જાય. હિટલરના અમાનુષિ તાપના એ અરસામાં ૧૨ જૂન, ૧૯૨૯માં જન્મેલી એન ફ્રેન્કે ૧૩ વર્ષની કુમળી વયથી ડાયરીના પાના ભરવા માંડેલા. એ જમાનામાં નાઝીઓ યહુદીઓને ભાળ્યા મૂકતા ન હતા. હોલેન્ડના એમસ્ટરડમમાં એ રહેતી હતી પરંતુ એન ફ્રેન્કને હિટલરના ત્રાસના કારણે એ છોડવું પડેલું. એના માતાપિતા જેલમાં જ અવસાન પામ્યા હતા. એણે તાનાશાહ હિટલરના પાશવી અત્યાચારો એની રોજનીશીમાં ટપકાવ્યા હતાં. એણે લખેલી આ ડાયરી વિશ્વની ૧૮થી વધુ ભાષામાં અનુવાદ થઈ. હિટલરની જેલમાં એન ફ્રેન્ક ૧૬ વર્ષની ઉંમરે ગુજરી ગઈ. એનની ડાયરી ઉપરથી નાટકો અને ફિલ્મો બની.

રોજનીશી વ્યક્તિનો અંગત ભૂતકાળ, મનોદશા અને ભૌગોલિક આકલનનો જાગતો દસ્તાવેજ છે. અમ્બ્રોસ બીયર્સ નામના એક ચિંતકે કહ્યું છે કે, 'ડાયરી વ્યક્તિએ સ્વયં લખેલો રોજીંદો દસ્તાવેજ છે. જેમાં વ્યક્તિ કોઈની પણ શેહશરમ કે ખચકાટ વગર પોતાની સ્ટ્રેન્થ અને વિકનેસને અભિવ્યક્ત કરે છે. આ બીજાને માટે પ્રેરણાદાયી પણ બને છે.' રોજનીશી લખવા માટે પોતાની જાત સાથે સંપૂર્ણ ઈમાનદારી રાખી શબ્દદેહ આપવાની ખુમારી હોવી જોઈએ.

ડાયરીના પાના ઉપર મનમાં થીજી ગયેલી કપરી ક્ષણો કાગળ ઉપર વહેવડાવીને હળવા બનવાની આ સરસ સાયકોલોજીકલ સિસ્ટમ બની શકે. ઉત્સાહવર્ધક મજાની ક્ષણો પણ રોજનીશીમાં ઉતારી એને ફરી ફરી જીવવા માટેની એક બારી ડાયરી છે. હવે ડાયરી લખવામાં એક નવું પરિમાણ ભવિષ્યના કરવાના કાર્યોની વાત પણ ઊભરીને આવી છે. રોજે રોજ 'ટુ ડુ લીસ્ટ' ડાયરીમાં ટપકાવવાના ફાયદા અનેક છે. આજે કરવાના મહત્વના કાર્યોની નોંધ વ્યક્તિને વધુ સજાગ બનાવે છે. કામની નોંધ માનસિક શાંતિ સાથે સ્ટ્રેસને ગુડબાય કરે છે. જે લોકો ડાયરીમાં આજે કરવાના કાર્યોની નોંધ રાખતા હોય છે એમને 'લીસ્ટ મેકર' તરીકે ઓળખવામાં આવે છે. આવા લીસ્ટ મેકર્સ હંમેશા પરિણામલક્ષીતાવાળા હોય છે. ફાંકડી ડાયરી હાથમાં રાખવી સ્ટેટસ સિમ્બોલ ચોક્કસ હોઈ શકે પરંતુ રોજેરોજ એમાં અંતરંગ અંગત અનુભવોને શબ્દ દેહ મળે અને કરવાના મહત્વના કાર્યોની નોંધ ટપકાવાય તો એ સાચા અર્થમાં રૂપકડી સાથી બની શકે. ઓ કે, તો ઉઠાવો કલમ અને રોજેરોજ ઉતારવાનું શરૂ કરો તમારા મનોભાવને ડાયરીના પાને...

**ધબકાર :**

તમારો સૌથી મોટો શિક્ષક અને સૌથી સાચો સાથી તમારી ડાયરી જ છે.